# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-11-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

1) ખેત પેદાશો માટે આફતો સામે રક્ષણ આપતી મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ટર યોજનાની સહાય 75 હજારથી વધારીને 1 લાખ કરાઈ.
2) મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વિકસીત ભારત માટે યોગદાન આપવા લોકોને અપીલ કરી..
3) રાજ્યમાં 17થી 24 નવેમ્બર દરમિયાન ત્રણ તબક્કામાં મતદાર સુધારણા યાદીનો કાર્યક્રમ યોજાશે.
4) અમદાવાદમાં રહેણાંક ઇમારતમાં આગ લાગતા 1નું મોત, 20થી વધુને ગૂંગળામણ થતા સારવાર હેઠળ..
5) અને દિવ્યાંગોના પ્રશિક્ષણ માટે બાબા આમ્બેડકર યુનિવર્સિટી ખાતે આયોજીત વિશ્વ પરિષદનું સમાપન થયું..

------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# KHET PEDASH SAHAY

રાજ્ય સરકારે મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજનાની સહાય ૭૫ હજાર રૂપિયાથી વધારીને એક લાખ રૂપિયા કરવાની જાહેરાત કરી છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે આ અંગે જણાવ્યું છે કે, ખેડૂતોની ખેત પેદાશોને અનેક આફતો સામે રક્ષણ આપતી આ સહાયમાં વધારો કર્યા બાદ ચાલુ વર્ષે ૧૩ હજાર ૯૮૨ ખેડૂતોને સંગ્રહ સ્ટ્રક્ચર બનાવવા માટે પૂર્વ મંજૂરી અપાઇ છે.

આ યોજનાનો લાભ મેળવવા માટે ખેડૂતોએ પોતાના ખેતરમાં ઓછામાં ઓછુ ૩૩૦ ચોરસ ફૂટ વિસ્તારનું એક પાક સંગ્રહ સ્ટ્રકચર બનાવવાનું હોય છે, જેના માટે રાજ્ય સરકાર દ્વારા જરૂરી નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.

હવે સ્ટ્રક્ચર બનાવવા માટે ખેડૂતને આ યોજના હેઠળ કુલ ખર્ચના ૫૦ ટકા અથવા એક લાખ રૂપિયા બંનેમાંથી જે ઓછુ હોય તે સહાય આપવામાં આવશે.

**(બાઇટ- રાઘવજી પટેલ- કૃષિમંત્રી)**

# CM MUMBAI CAMPAIGN

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મુંબઈના વર્સોવામાં ભાજપના ઉમેદવારના સમર્થનમાં ચૂંટણી સભાને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ અને તેનાથી સામાન્ય લોકોના જીવનમાં આવેલા બદલાવો અંગે વાત કરી હતી. મુખ્યમંત્રીએ મેક ઇન ઇન્ડિયા,

એક પેડ મા કે નામ, કેચ ધી રેન ઝુંબેશ વિશે વાત કરતા જણાવ્યું કે, આ યોજનાઓને સૌથી વધુ લાભ મહારાષ્ટ્રને મળ્યો છે.

**(બાઇટ- સીએમ- મહારાષ્ટ્ર)**

મુખ્યમંત્રીએ આજે એક દિવસના મુંબઈ પ્રવાસ  દરમિયાન વિવિધ ચૂંટણી સભાઓ સંબોધી હતી. તેમણએ બાન્દ્રા કુર્લા ભારત ડાયમંડ બુર્સ ખાતે જેમ્સ એન્ડ જ્વેલરી કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના સભ્યો સાથે સંવાદ કર્યો હતો. જે બાદ તેઓ જોગેશ્વરી વેસ્ટમાં ગુજરાત ભવન ખાતે બૃહદ મુંબઈ ગુજરાત સમાજ દ્વારા આયોજીત જનસભામાં ઉપસ્થિત રહ્યા હતા.

## CM SAPUTARA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગિરિમથક સાપુતારા ખાતે નવનિર્મિત એસ.ટી. બસ સ્ટેન્ડનું ડિજીટલ માધ્યમથી લોકાર્પણ કરતાં લોકોની સુખાકારીમાં વધારો થયો છે. રાજ્ય સ્તરીય જનજાતિય ગૌરવ દિવસની આહવા ખાતે કરાયેલી ઉજવણી દરમિયાન આ લોકાર્પણ કરાયું હતું.

આ અંગે માહિતી આપતાં આહવાના ડેપો મેનેજર શ્રી પરમારે જણાવ્યું હતું કે, આશરે 214 લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા આ બસ સ્ટેન્ડથી દરરોજ 60થી વધુ ટ્રીપના સંચાલન સાથે અંદાજિત ત્રણેક હજારથી વધુ મુસાફરો આ જાહેર પરિવહન સેવાઓનો લાભ લેશે.

## MATDAR YADI SUDHARNA

રાજ્યમાં 17થી 24 નવેમ્બર દરમિયાન ત્રણ તબક્કામાં મતદાર સુધારણા યાદીનો કાર્યક્રમ યોજાશે.

કેન્દ્રીય ચૂંટણી પંચની સુચના અને મુખ્ય ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ આવતીકાલે 17મી અને ત્યારબાદ 23 અને 24મી નવેમ્બરે ખાસ મતદાર યાદી સુધારણા ઝુંબેશ હાથ ધરાશે.

આ ખાસ ઝૂંબેશના દિવસોમાં રાજ્યના તમામ મતદાન મથક ખાતે સવારે 10થી સાંજે પાંચ વાગ્યા સુધી બુથ લેવલ ઑફિસર જરૂરી ફોર્મ્સ સાથે ઉપસ્થિત રહેશે. આગામી પહેલી જાન્યુઆરી, 2025ની લાયકાતની તારીખે 18 વર્ષ પૂર્ણ કરતા હોય તેવા યુવાઓ માટે મતદાર તરીકે નોંધણી કરાવવાની આ ઉત્તમ તક છે. આ ઉપરાંત મતદારયાદીમાં નામ નોંધણી, સુધારા-વધારા અને મતદારયાદીમાંથી નામ કમી કરાવવા ફોર્મ ભરી શકાશે. વધુમાં ખાસ ઝૂંબેશના દિવસો સિવાય તા.28.11.2025 સુધી સંબંધિત જિલ્લા કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારીની કચેરી તેમજ મામલતદાર કચેરી ખાસે રાખવામાં આવેલી મતદારયાદીમાં પોતાનું તથા પોતાના પરિવારજનોનું નામ ચકાસી શકાશે.

ઉલ્લેખનીય છે કે, પાત્રતા ધરાવતા યુવાનો અને તેનાથી વધુ વયજૂથ ધરાવતા નાગરિકો મતદાર યાદીમાં નામ નોંધાવવા અંગે તથા મતદાર યાદીમાં નામ દાખલ કરવા, સુધારો કરાવવા કે કમી કરાવવા ચૂંટણી પંચની Voter Helpline App અને ભારતના ચૂંટણી પંચની વેબસાઈટ voters.eci.gov.in તથા મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરીની વેબસાઈટ ceo.gujarat.gov.in પરથી ઑનલાઈન પણ ફોર્મ ભરી શકશે.

## AHMEDABAD FIRE

અમદાવાદના બોપલ વિસ્તારમાં આવેલ એક રહેણાંક ઇમારતમાં આગ લાગવાથી એક વ્યક્તિનું મોત થયું છે, જ્યારે 100થી વધુ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. ઇસ્કોન પ્લેટિનિયમ નામની

22 માળની ઇમારતમાં ગત મોડી રાત્રે આગ લાગતા અગ્નિ શામક દળો ઘટના સ્થળે પહોંચ્યા હતા. આઠમાં માળના ઇલેક્ટ્રિક ડકમાં શોર્ટસર્કિટને કારણે આગ લાગી હતી, જે જોતજોતામાં 22માં માળ સુધી પહોંચી હતી. આગને કારણે 22થી વધુને લોકોને ગૂંગળામણ થતાં સારવાર અર્થે જુદી જુદી હૉસ્પિટલમાં ખસેડાયા હતા. દરમિયાન એક વ્યક્તિનું મોત થયું છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સોસાયટીના ચેરમેન સાથે ફોન પર વાત કરીને ઘટના વિશે જાણકારી મેળવી હતી.

# IN. NATIONAL BLIND EDUCATION CONFE.

**દિવ્યાંગ લોકોના પ્રશિક્ષણ માટે બાબા આમ્બેડકર યુનિવર્સિટી ખાતે વિશ્વ પરિષદનું આજે સમાપાન થયું છે. દૃષ્ટિહિનોને સમાન અધિકાર મળે અને સર્વાંગી વિકાસમાં ફાળો આપી શકે તે હેતુથી દર વર્ષે વિશ્વ કક્ષાની આ પરિષદનું આયોજન થાય છે. આ ત્રણ દિવસીય પરિષદમાં 63 દેશના 400થી વધુ લોકોએ ભાગ લીધો હતો, જેમાં 120થી વધુ જેટલા શોધપત્રો રજૂ કરાયા હતા. પરિષદ દરમિયાન વિવિધ દેશોના નિષ્ણાતોએ દિવ્યાંગોના પ્રશિક્ષણ માટે લેવાતા પગલાઓ અંગે ચર્ચા કરી હતી.**

**પરિષદના સમાપન પ્રસંગે અંધજન મંડળના મુખ્ય સચિવ ડૉ. ભૂષણ પુનાનીને આંતરરાષ્ટ્રીય કાઉન્સિલ ફોર એજ્યુકેશન ઑફ પિપલ વિથ વિઝ્યુઅલ ઇમ્પેરમેન્ટ દ્વારા 'આંતરરાષ્ટ્રીય લીડરશીપ અવોર્ડ એનાયાત કરાયો હતો. આ પ્રસંગે પ્રતિક્રિયા આપતા ડૉ. ભૂષણ પુનાનીએ આ મુજબ જણાવ્યું.**

(બાઇટ- ડો. ભૂષણ પુનાની)

# NATIONAL PRESS DAY

16મી નવેમ્બરે પ્રેસ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાનો સ્થાપના દિવસ છે અને તેની રાષ્ટ્રીય પ્રેસ દિવસ તરીકે ઠેર ઠેર ઉજવણી કરવામાં આવે છે.

સમાજ નિર્માણ મુક્ત અને જવાબદાર પ્રેસની મહત્વપૂર્ણ ભૂમિકાને બિરદાવવા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

વડોદરા જીલ્લામાં રાષ્ટ્રીય પ્રેસ દિવસ નિમિત્તે પોલીસ મહાનિરિક્ષક સંદિપ સિંઘની ઉપસ્થિતીમાં પત્રકારત્વ અને સામાજીક દાયિત્વ વિષય પર સેમિનાર યોજાયો.. આ તકે, શ્રી સંદિપસિંઘે જણાવ્યું કે, કાયદો વ્યવસ્થાપનમાં જીલ્લાના વહીવટમાં લોકોમાં મંતવ્યો બનાવવામાં પ્રેસની મહત્વપૂર્ણ ભૂમિકા રહેલી છે અને ઘણઆ કેસો ઉકેલવામાં મીડીયા હંમેશા સહયોગી બની છે.

તો કચ્છના ભૂજ ખાતે નેશનલ પ્રેસ ડે નિમિત્તે સેમિનાર યોજાયો. જેમાં પત્રકારત્વની બદલાતી તાસીર થીમ હેઠળ કચ્છી પત્રકારત્વ અંગે વિચારો વ્યક્ત કરવામાં આવ્યા..

ત્યારે સાબરકાંઠાના હિંમતનગર ખાતે આજે જીલ્લા કલેક્ટરની ઉપસ્થિતીમાં રાષ્ટ્રીય પ્રેસ દિવસની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે અગ્રણીઓએ પત્રકારત્વના અનુભવો અને બદલાતા સમયમાં મિડીયાની ભૂમિકા અંગે ચર્ચા કરી હતી.

## NEWS IN BRIF

## અને હવે કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....

- શિક્ષણ રાજ્યમંત્રી ડો. કુબેરભાઇ ડીંડોરે આહવા સ્થિત જીલ્લા શિક્ષણ અધિકારી કચેરીની આકસ્મિક મુલાકાત લઇને વોકેશનલ ટ્રેડ અને જીલ્લામાં ચાલતા વિશેષ પ્રયોગો વિશે જાણીને આનંદ વ્યક્ત કર્યો..

- સાબરકાંઠા જીલ્લા કલેક્ટર ડો. રતનકંવર ગઢવી ચારણની ઉપસ્થિતીમાં હિંમતનગર ખાતે ડિસ્ટ્રીક્ટ ક્રાઇસીસ ગ્રુપની બેઠક યોજાઇ.
- ભાવનગરના વડતાલ ધામમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવનું આયોજન કરાયું.
- કાર્તિકી પૂર્ણિમાએ પાટણના વિવિધ જૈન દેરાસરો અને ઉપાશ્રયો પટના દર્શનાર્થે ખુલ્લા મુકાયા, જેના સૌ સાધુ ભગવંતોએ દર્શન કરીને તેમના વિહાર શરૂ કર્યા.
- પાટણ જીલ્લામાં દેવદિવાળાના પાવન પર્વે સિંધી અને શીખ સમાજ દ્વારા ગુરુ નાનક દેવના પ્રકાશ પર્વની ભવ્ય ઉજવણી કરાઇ..
- ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સુરતના પાંડેસરા ખાતે ડાયાબિટીસ મુક્ત ગુજરાત અભિયાનના ભાગરૂપે ત્રિદિવસીય યોગ શિબિરનું આયોજન કરાયું..
- રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી અંતર્ગત આજે નવસારીના વાંસદામાં સરકારી પુસ્તકાલય ખાતે પુસ્તક પ્રદર્શન યોજાયું..